પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૧૦ | ૧૦ ઓક્ટોબર, ૨૦૧૯, ગુરૂવાર; આસો સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કેન્દ્રીય કર્મચારીઓને દિવાળી ભેટ

**ડીએમાં ૫ ટકાનો વધારો : ૫૦ લાખ સરકારી કર્મચારી-૬૫ લાખ પેન્શનરોને સીધો લાભ : વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં શ્રેણીબદ્ધ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયા : પોકથી આવેલા વિસ્થાપિતોને ૫.૫ લાખની સહાયનો નિર્ણય**



નવીદિલ્હી, તા.૯

દિવાળી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં સરકારી કર્મચારીઓને આજે દિવાળીની ભેટં આપી હતી. સરકારી કર્મચારીઓના મોંધવારી ભથ્થાને ૧૨ ટકાથી વધારીને ૧૭ટકા કરી દેવામાં આવ્યો છે. કેન્દ્રિય પ્રધાન પ્રકાશ જાવડેકરે સરકાર દ્વારા લેવામાં આવેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતી આપી હતી. જાવડેકરે કહ્યુ હતુ કે મોદી સરકારના આ નિર્ણયના કારણે ૫૦ લાખ સરકારી કર્મચારીઓ અને ૬૫ લાખ પેન્શનરોને સીધો લાભ મળશે. આ નિર્ણયના કારણે સરકાર પર ૧૬૦૦૦ કરોડ રૂપિયાનો વધારાનો બોજ આવશે. આ નિર્ણય બાદ કેન્દ્રિય કર્મચારીઓનો મોંઘવારી ભથ્થો ૧૨ ટકાથી વધીને ૧૭ ટકા થઈ ગયો છે. આનો લાભ જુલાઈ ૨૦૧૯થી મળનાર છે. આની સાથે જ પીઓકેથી આવેલા વિસ્થાપિતોને ૫.૫ લાખ રૂપિયાની સહાયતા આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. કેન્દ્રિય પ્રધાને સરકારી કર્મચારીઓને તહેવારની સિઝનમાં મોટી ભેંટ આપી છે. તેમણે કહ્યુ હતુ કે મોદીના નેતૃત્વમાં કેન્દ્રિય કેબિનેટની બેઠક યોજાઇ હતી. કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં પાચ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. આની સાથે જ ભથ્થો હવે ૧૭ ટકા થઈ ગયો છે. દિવાળીના તહેવાર પર અમારા ૫૦ લાખ પેન્શનરોને પણ સીધો લાભ મળ્યો છે. મોદી સરકાર જુદા જુદા ક્ષેત્રોમાં શાનદાર કામ કરી રહી છે. જેની અસર જોવા મળી રહી છે. જાવડેકરે કહ્યુ હતુ કે પ્રથમ વખત એક વખતમાં પાંચ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. પ્રકાશ જાવડેકરે કહ્યુહતુ કે પોકના

● અનુસંધાન પાન-૭ પર

## સેંસેક્સ ૬૪૬ પોઈન્ટ ઉછળી ઉંચી સપાટીએ

**બેંકિંગ શેરોમાં તીવ્ર લેવાલી વચ્ચે તેજીનો માહોલ : આઈટી સિવાયના તમામ સેક્ટરલ ઇન્ડેક્સમાં તેજી રહી**



મુંબઈ,તા.૯

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. છેલ્લા છ દિવસથી ચાલતી મંદી ઉપર બ્રેક મુકાઈ હતી. બેંચમાર્ક ઈન્ડેક્સમાં સ્માર્ટ વાપસી થઈ હતી. બેંકિંગના શેરમાં તીવ્ર લેવાલી વચ્ચે બેંચમાર્ક ઈન્ડેક્સમાં બે ટકાનો ઉછાળો નોંધાયો હતો. આની સાથે જ મૂડીરોકાણકારોની સંપત્તિમાં એક દિવસમાં જ ઉલ્લેખનીય વધારો થઈ ગયો હતો. સેંસેક્સ આજે ૬૪૬ પોઈન્ટ ઉછળીને ૩૮૧૭૮ની સપાટીએ રહ્યો હતો. ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં પાંચ ટકાનો ઉછાળો રહ્યો હતો જ્યારે યશ બેંકના શેરમાં પાંચ ટકાનો સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. સેંસેક્સના ૩૦ શેરમાં આઠ શેરમાં મંદી અને ૨૨ શેરમાં તેજી રહી હતી. બ્રોડર નિફ્ટી ઈન્ડેક્સમાં ૧૮૭ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૧૫૧૩ રહી હતી. બેંક નિફ્ટીમાં ચાર ટકાની આસપાસનો ઉછાળો રહ્યો હતો અથવા તો તેમાં ૧૦૧૮ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૨૮૭૮૬ રહી હતી.

# ભારતમાં આર્થિક મંદીની અસર વર્તાય છે

**૨૦૧૯માં વિશ્વનો ૯૦ ટકા ભાગ ઓછી વૃદ્ધિનો સામનો કરશે : ભારત-બ્રાઝિલ જેવા ઉભરતા બજારની અર્થવ્યવસ્થામાં આ વર્ષે મંદિની વધુ સ્પષ્ટ અસર જોવા મળી, ભારતનો જીડીપી દર ૨૦૧૯-૨૦ માટે ૭ ટકા કરાયો, અમેરિકા અને જર્મનીમાં બેરોજગારીમાં એતિહાસિક ઘટાડો : ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડ**

વૉશિંગ્ટન,તા.૯

આતંરરાષ્ટ્રીય મુદ્રા કોષ(ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડ)ના નવા મેનેજિંગ ડાયરેક્ટર ક્રિસ્ટાલિના જિયોરજીવાનું કહેવું છે કે હાલ સમગ્ર વિશ્વની ઈકોનોમિ મંદીનો સામનો કરી રહી છે, પરંતુ ભારત જેવા સૌથી મોટા ઉભરતા બજારની ઈકોનોમિમાં આ વર્ષે તેની અસર સ્પષ્ટ દેખાઈ રહી છે.

ક્રિસ્ટાલિના જિયોરજીવાએ સંકેત આપ્યા કે ચારે બાજુ ફેલાયેલી મંદીનો અર્થ છે કે વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન વૃદ્ધિ દર આ દશકની શરૂઆતથી અત્યાર સુધીના નિમ્નતમ સ્તરે પહોંચી જશે. ક્રિસ્ટાલિના જણાવ્યા પ્રમાણે, વિશ્વનો ૯૦ ટકા હિસ્સો ઓછી વૃદ્ધિનો સામનો કરશે.

આઈએમએફના એમડીના રૂપમાં પ્રથમ ભાષણમાં ક્રિસ્ટાલિના જિયોરજીવાએ કહ્યું કે બે વર્ષ પહેલા, વૈશ્વિક ઈકોનોમિ સમકાલિક રૂપથી ઉંચાઈ તરફ જઈ રહી હતી, અને વિશ્વનો લગભગ ૭૫ ટકા હિસ્સો વધી રહ્યો હતો. હવે વૈશ્વિક અર્થવ્યવસ્થા મંદીમાં છે. વર્ષ ૨૦૧૯માં મને લાગે છે કે વિશ્વના લગભગ ૯૦ ટકા ભાગમાં વૃદ્ધિ ઘટશે.

તેમણે કહ્યું અમેરિકા અને જર્મનીમાં બેરોજગારીમાં એતિહાસિક ઘટાડો છે. તેમ છતાં પણ અમેરિકા, જાપાન અને વિશેષ રૂપથી યુરો ક્ષેત્રની વિકસિત અર્થવ્યવસ્થાઓમાં આર્થિક ગતિવિધિઓમાં નરમાઈ જોવા મળી છે. જોકે ભારત અને બ્રાઝીલ જેવા કેટલાક ઉભરતા બજારની

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### જર્મનીમાં ફાયરીંગ : બેના મોત

જર્મનીના હાલે શહેરમાં યહુદીઓના પ્રાર્થના ઘરની બહાર ફાયરીંગની ઘટના બની હતી. આ ઘટનામાં બે લોકોના મૃત્યુ નિપજ્યા છે. કેટલાક લોકો ઘાયલ પણ થયા છે. ઘટના બાદ હુમલાખોર ફરાર થઈ ગયો હતો.

### ૨૨મીએ પુનઃ બેંક હડતાલ

દિવાળીના તહેવારોને હવે થોડા દિવસો બાકી છે ત્યારે બેન્કિંગ સેક્ટરના વિવિધ પ્રશ્નોને લઈને ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોયીસ એસોસિએશન દ્વારા એક દિવસ માટે હડતાળનુ ફરમાન કરવામાં આવ્યુ છે. બેન્કોના મર્જર, એનપીએ તથા લોનની રીકવરી મુદ્દે હડતાળ પાડવામાં આવશે.

# રાફેલ શસ્ત્રપૂજા મુદ્દે કોંગ્રેસની ઝાટકણી

**રાફેલની શસ્ત્રપુજા કોંગ્રેસને નાટક લાગે છે : અમિત શાહ : હરિયાણામાં ચૂંટણી પ્રચાર વેળા કોંગ્રેસ પર આકરા પ્રહારો : ભારતના લોકો જમ્મુ કાશ્મીરને દેશનો અખંડ ભાગ બનાવવા ઇચ્છતા હતા : કેન્દ્રીય ગૃહપ્રધાન**

ચંદીગઢ, તા. ૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે કલમ ૩૭૦ના મુદ્દે તેના વલણ બદલ કોંગ્રેસ પાર્ટીની જોરદાર ઝાટકણી કાઢી હતી. સાથે સાથે દેશને મળેલા પ્રથમ રાફેલ વિમાન પર શસ્ત્ર પુજાની વિધિ કરવાનો લઈને કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી અંગે પણ નારાજગી વ્યક્ત કરી હતી. અમિત શાહે કહ્યું હતું કે, રાફેલ શસ્ત્રપુજા પણ કોંગ્રેસના લોકોને એક નાટક લાગે છે જે આઘાતજનક છે. એક ચૂંટણી રેલીને સંબોધતા ભાજપ પ્રમુખે કહ્યું હતું કે, કોંગ્રેસના નેતા રાહુલ



ગાંધીએ કલમ ૩૭૦ની નાબૂદીનો વિરોધ કર્યો હતો. કલમ ૩૭૦ને નાબૂદ કરવા સામે અથવા તો તરફેણમાં હવે તેઓ શું કહેવા માંગે છે. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ની નાબૂદી બાદ કોંગ્રેસ પાર્ટીના કેટલાક લોકોએ ભાજપની ટિકા કરી હતી. અમિત શાહે કહ્યું હતું કે, જે કંઈપણ કામ કરે છે તેનો વિરોધ કરવાની પાર્ટીના લોકોને ટેવ પડી ગઈ છે. દેશના લોકોમાં એવી ભાવના હતી કે, જમ્મુ કાશ્મીર ભારતના અખંડ ભાગ તરીકે રહેવો જોઈએ. કલમ ૩૭૦ અને ૩૫એની કલમો દૂર થવી જોઈએ. કારણ કે, આનાથી વિકાસની કામગીરી જમ્મુ કાશ્મીરમાં અટવાઈ પડી હતી પરંતુ કોંગ્રેસના લોકો જનભાવનાઓને સમજી રહ્યા ન હતા. કલમ ૩૭૦ની નાબૂદીને રાજકારણ સાથે કોઈ લેવા દેવા નથી. આ મુદ્દો દેશની સુરક્ષા સાથે જોડાયેલો છે પરંતુ કોંગ્રેસે કલમ ૩૭૦ની તરફેણ કરી હતી અને ભાજપ સરકારની હિલચાલનો વિરોધ કર્યો હતો. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ દ્વારા રાફેલ ઉપર કરેલી શસ્ત્રપુજાને લઈને કેટલાક કોંગ્રેસી નેતાઓ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીનો ઉલ્લેખ કરતા

● અનુસંધાન પાન-૭ પર

## અંકુશ રેખા નજીક ૨૦ ત્રાસવાદી કેમ્પ સક્રિય

નવી દિલ્હી,તા. ૯

પાકિસ્તાને જમ્મુ કાશ્મીરમાં ઠંડીની શરૂઆત થાય તે પહેલા ત્રાસવાદીઓને મોટા પાયે ઘુસાડી દેવા માટેની યોજના તૈયાર કરી લીધી છે. પ્રાપ્ત માહિતી મુજબ ફરી એકવાર ૨૦ ત્રાસવાદી કેમ્પો અને ૨૦ ત્રાસવાદી લોંચ પેડ સક્રિય કરવામાં આવ્યા છે. અધિકારીઓએ કહ્યુ છે કે ફેબ્રુઆરીમાં પુલવામાં ખાતે સીઆરપીએફના કાફલા પર હુમલો કરવામાં આવ્યા બાદ ભારતે જવાબી કાર્યવાહીરૂપે પાકિસ્તાનમાં ઘુસી જઈને બાલાકોટમાં હવાઈ હુમલા કર્યા હતા. જેમાં મોટી સંખ્યામાં ત્રાસવાદી કેમ્પોનો સફાયો કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ત્રાસવાદી માર્યા ગયા હતા. તેમના કેમ્પોને ફુંકી મારવામાં આવ્યા હતા. બાલાકોટમાં ભીષણ હુમલા બાદ કેમ્પોને અસ્થાયી રીતે બંધ કરી દેવામાં આવ્યા હતા. પરંતુ હવે ફરી કેમ્પો સક્રિય કરી દેવામાં આવ્યા છે. હાલમાં ૫૦ ત્રાસવાદી કેમ્પ લોન્ચિંગ પેડમાં હોવાના હેવાલ મળી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની નાબુદી બાદ ત્રાસવાદીઓ અને પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા ભારે નારાજ છે.

# શી જિંગપિંગના સ્વાગતની તૈયારીઓને આખરી ઓપ

**ચીની પ્રમુખ શુક્રવારે ચેન્નાઈમાં પહોંચી જશે : આસપાસના વિસ્તારોમાં નિયંત્રણો લાગૂ : હોટલ અને કાફલા તરફ દોરી જતાં તમામ રસ્તાઓ પર સઘન સુરક્ષા**

ચેન્નાઈ, તા. ૯

ચીની પ્રમુખ શી જિંગપિંગ



શુક્રવારના દિવસે ચેન્નાઈ પહોંચી રહ્યા છે. આને લઈને ચેન્નાઈમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મમલાપુરમ ખાતે જિંગપિંગ દ્વિપક્ષીય મંત્રણાઓ યોજનાર છે. મોદી-જિંગપિંગ વચ્ચે મંત્રણા આડે બે દિવસનો સમય રહ્યો છે ત્યારે આ વિસ્તારમાં તૈયારીઓ જોરદારરીતે ચાલી રહી છે. મમલાપુરમ ખાતે આખરીઓપ તમામ વિસ્તારને આપવા કારિગરો લાગેલા છે. અહીં મ્યુનિસિપલ કર્મીઓ સાફ સફાઈમાં લાગેલા છે. બીજી બાજુ અન્ય વર્કરો કામચલાઉ માળખાકીય સુવિધા વિકસિત કરી રહ્યા છે. તમામનું ધ્યાન ખેંચાય તે રીતે પ્રયાસ થઈ રહ્યા છે. બીજી બાજુ મંદિરો અને અન્ય સ્મારકો ખાતે પ્રવાસીઓની એન્ટ્રી રોકી દેવામાં આવી છે. મંદિર નજીક દુકાનોને બંધ રાખવામાં આવી છે. પહેલી ઓક્ટોબરથી આસપાસની દુકાનોને બંધ કરવામાં આવી હતી. એક દુકાનદારે નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે, જિલ્લા કલેક્ટરે બેઠક યોજી છે. બે સપ્તાહ માટે બિઝનેસને બંધ કરવા માટે કહેવામાં આવ્યું છે. સેંકડો વિદ્યાર્થીઓ અને ડાન્સરો ચીની પ્રમુખ માટે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમને લઈને રિહર્સલમાં લાગેલા છે. બંગાળના અખાત પર નેવી અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા નજર રાખવામાં આવી રહી છે.

## જીઓ પર વોઈસ કોલ ફ્રી રહેશે નહીં

નવી દિલ્હી, તા.૯

કોલ ટર્મિનેશન ચાર્જ સાથે જોડાયેલા નિયમોની અનિશ્ચિતતાના કારણે ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની ટેલિકોમ કંપની રિલાયન્સ જીઓએ આજે જાહેરાત કરી છે. જીઓએ આજે જાહેરાત કરી છે કે, તે કસ્ટમરો પાસેથી કોલિંગના પૈસા હવે લેશે. જીઓ યુઝર્સને જીઓ ઉપરાંત બાકી નેટવર્ક પર કરવામાં આવતા વોઈસ કોલ માટે ૬ પૈસા પ્રતિમિનિટનો ચાર્જ ચુકવવો પડશે પરંતુ તેમને એટલી જ કિંમતના ફ્રી ડેટા આપીને જીઓ આને બેલેન્સ કરવાની યોજના ધરાવે છે.

## રાફેલ વિમાનની પૂજાની ટીકાને મામલે કોંગ્રેસના નેતાઓમાં આંતરિક ઘમાસાણ

**સંજય નિરુપમ દ્વારા ખડગેની વ્યાપક ઝાટકણી- શસ્ત્રપુજા અમારી જુની પરંપરા : સંજય નિરુપમનો દાવો**

ચંદીગઢ, તા.૯

ત્રણ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ પાર્ટીઓના નેતાઓના નિવેદન ઉપર રાજકીય આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર જારી છે. વિજયાદશમીના દિવસે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ દ્વારા ફ્રાંસમાં રાફેલ પર શસ્ત્રપુજાને લઈને કોંગ્રેસના નેતાઓ પોતે જ ફસાઈ ગયા છે. કોંગ્રેસી નેતા હવે તેમના પોતાના પક્ષના લોકોનો આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. પૂર્વ કેન્દ્રીયમંત્રી મલ્લિકાર્જુન ખડગે દ્વારા રાફેલ પૂજનને નાટક તરીકે ગણાવી દીધા બાદ અસંતુષ્ટ કોંગ્રેસી નેતા સંજય નિરુપમે તેમને નાસ્તિક તરીકે ગણાવીને ઝાટકણી કાઢી છે. નિરુપમે ખડગેની ટિકા કરતા કહ્યું છે કે, કોંગ્રેસના આ પ્રકારના વ્યૂહરચનાકારથી પાર્ટીને નુકસાન થઈ રહ્યું છે. શસ્ત્રપુજા દેશની જુની પરંપરા રહેલી છે. આને નાટક ગણવાની બાબત આઘાતજનક છે. સંજય નિરુપમનું કહેવું છે કે, શસ્ત્રપુજાને નાટક તરીકે ગણી શકાય નહીં પરંતુ સમસ્યા એ છે કે, ખડગે નાસ્તિક છે પરંતુ કોંગ્રેસમાં દરેક વ્યક્તિ નાસ્તિક નથી. અમિત શાહે કહ્યું હતું કે, કોંગ્રેસને તો રાફેલની પૂજા પણ નાટક જેમ લાગે છે.

● અનુસંધાન પાન-૭ પર

દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ, ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ



અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૫૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ
સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ)
સેક્ટર-૩૦ ચાર રસ્તા,
નમસ્તે સર્કલ પાસે, સેક્ટર-૩૦,
અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી 93777 23164 | આર. ડી. ગાંધી 99241 23164
ખાલી ડ્રાયફ્રુટ બોક્ષ હોલસેલ ભાવે છૂટકમાં ઉપલબ્ધ.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર